# એકવીસમી સદીની રંગભૂમિ ઑગસ્ટો બોઆલની હંમેશા ઋણી રહેશે

-હિરેન ગાંધી

વીસમી સદીએ રંગભૂમિમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. માત્ર એનાં રંગ-રૂપ-સ્વરૂપોમાં જ નહી.; એનાં ઊદ્દેશોમાં પણ. ખાસ કરીને નટ-પ્રેક્ષક વચ્ચેના સંબંધમાં તો ઑગસ્ટો બોઆલ આપણને ત્યાં સુધી લઇ ગયાં કે, જાણે એ બે જણ નથી પણ એક જ જણ છે. નાટકની ભજવણી દરમિયાન પ્રેક્ષક પણ નટ બની જાય અને નટે પોતાની અંદરના પ્રેક્ષકને સતત સજાગ રાખવો પડે. નટ બનીને આવેલો પ્રેક્ષક નાટકને કેવો વળાંક આપશે અ નટને ખબર નથી હોતી, એટલે જો એની અંદરનો પ્રેક્ષક સતત નાટક અને નટનું પોતાનું(પોતાના નટકાર્યનું) નિરીક્ષણ કરતો હશે તો જ એ નટ બનીને આવેલા પ્રેક્ષકની સાથે મળીને નાટકને આગળ ચલાવી શકશે અથવા તો કહો કે, નાટક દ્વારા સર્જાતા 'સંવાદ'ને ન્યાય આપી શકશે.

નટ-પેક્ષક વચ્ચેના 'સંબંધ'ને અને 'સંવાદ'ને પરંપરાગત ખ્યાલોમાંથી બહાર કાઢીને એને નવાં આયામો આપવાનાં પ્રયોગો બર્તોલ્ત બ્રેક્ટથી શરૂ કરીને ગ્રોતોવ્સ્કી, પીટર બ્રુક, બાદલ સરકાર જેવાં અનેક રંગકર્મીઓ લગભગ ગઇ આખી સદી દરમિયાન કરતા રહ્યા હતા. નટ-પ્રેક્ષક વચ્ચેના 'સંબંધ'માં આ પ્રક્રિયાઓએ અનેક નવાં પરિમાણો પેદા કર્યાં, પરંતું સૌથી મહત્વનું એ હતું કે આને કારણે સદીઓ સુધી મુખ્યત્વે મનોરંજનના હેતુથી ભજવાતાં નાટકોમાં પરિવર્તન આવ્યું. રંગભૂમિ ક્રમશ: માનવજીવન અને એની વાસ્તવિકતાઓની આસપાસ આવીને ઊભી રહી. શેરીનાટકોએ પ્રેક્ષકોને ઊશ્કેરવાનું, આંદોલિત કરવાનું શરૂ કર્યું. પ્રોસેનિયમ થિયેટરે પ્રેક્ષકોને વિચારતાં કરવાનું શરૂ કર્યું. થર્ડ થિયેટરે પ્રેક્ષકની તર્કશક્તિને પ્રજ્વલિત કરવા માંડી. પરંતુ આ બધાં પછી પણ નટ અને પ્રેક્ષક બે જણ હતાં. એક નાટક કરતો હતો અને બીજો જોતો હતો. નાટકનાં સૂત્રો નટના હાથમાં હતા. પ્રેક્ષક નાટકને બદલી નહોતો શકતો.

બોઆલે બંનેને બેમાંથી એક કરી દીધાં. એને કારણે નાટક વિશેનો પરંપરાગત ખ્યાલ જ બદલાઇ ગયો. બોઆલે પ્રેક્ષકને નટ બનાવીને કહ્યું કે, નાટકની ક્રિયામાં તું પણ સામેલ છે. તું ગમેત્યારે નાટકમાં પ્રવેશીને નાટકમાં રજૂ થતી પરિસ્થિતિને તારી ઇચ્છા પ્રમાણે વળાંક આપ. તારું કામ માત્ર નાટક જોવાનું, વિશ્લેષિત કરવાનું નથી. તારે નાટકમાં સામેલ થઇને નાટક ભજવવાનું છે; જેથી નાટક વધુ સાર્થક અને વ્યાપક બની શકે. માનદ્વજીવનથી જે સ્થિતિ સંદર્ભે નાટક ભજવાઇ રહ્યું હોય એમાં પ્રેક્ષકોનાં વિચારો, સૂચનો અને કલ્પનો પણ ભળે અને એનાથી નાટક એ સ્થિતિ વિશેનાં વધુને વધુ આયામોને પ્રેક્ષકો સામે ઉજાગર કરી શકે, વિશ્લેષિત કરી શકે.

બોઆલના આ પરિવર્તને રંગભૂમિને જીવતાં માણસ અને જીવાતાં જીવનનો પર્યાય બનાવી દીધી. એણે નાટકની કથાવસ્તુ અને પાત્રોને નક્કર વાસ્તવિકતાની ભોંય પર લાવી દીધાં. બોઆલના મતે નાટક એ જીવાતાં જીવનની એક પ્રવૃત્તિ માત્ર નથી એ પોતે જ જીવાતું જીવન છે. રંગભૂમિ વિશેના આ નવા ખ્યાલે માનવસમાજમાં રંગભૂમિની સાર્થકતા માટેનાં અનેક દ્વાર ખોલી દીધાં છે. અથવા તો કહી શકાય કે, બોઆલે રંગભૂમિને સાર્થક માનવજીવન અને માનવસમાજ માટેની એક ખુલ્લી પ્રયોગશાળા બનાવી દીધી છે. જ્યાં નટ અને પ્રેક્ષક સાથે મળીને જીવન અને સમાજને સાર્થક બનાવવાનાં પ્રયોગો સતત કરતાં રહે છે.

બોઆલ નાટકની ભજવણીને કહે છે, આ તો 'ક્રાંતિ માટેનો રિયાઝ'[Rehersal of the Revolution] છે. તેઓ કહે છે, પ્રેક્ષક પાસે પોતાનાં જીવનનાં અને પોતાની આસપાસના જીવનનાં ભરપૂર અનુભવો છે. એની પાસે જીવનની સમસ્યાઓનું વિશ્લેષણ અને એનાં ઉકેલો પણ છે. એથી એ જ્યારે

નાટકમાં સામેલ થઇને નાટકમાં રજૂ થતી વાસ્તવિકતા વિશે પોતાનું વિશ્લેષણ અને પોતાનાં એ સ્થિતિ વિશેના ઉકેલો રજૂ કરે છે ત્યારે નટ અને પ્રેક્ષક વચ્ચે જે સંવાદ થાય છે એ બંને પક્ષ માટે ક્રાંતિનો(પરિવર્તનનો) મહાવરો બની જાય છે. જ્યારે આ રીતે નાટક ભજવવાની સમગ્ર ક્રિયા પણ એક રીતે ‘ક્રાંતિનો રિયાઝ’ બની જાય છે. કેમ કે, સમાજની નક્કર વાસ્તવિકતા, એનું વિશ્લેષણ અને એનાં ઉકેલો ખુલ્લા મંચ ઉપર ખુલ્લી રીતે ચર્ચાય છે અને એથી એ સમસ્યા વિશે સમાજની ચેતના વધુ સતેજ બને છે. આથી સમાજ માત્ર જે તે સમસ્યા અને એનાં ઉકેલો પરત્વે જાગ્રત જ નથી થતો એ આંદોલિત થઇને એ સમસ્યાને દૂર કરવાનાં રસ્તા પણ અપનાવે છે.

ઑગસ્ટો બોઆલ માત્ર રંગકર્મી નહોતા. એ એક સંવેદનશીલ અને રંગદર્શી માનવી હતાં માનવજીવન અને સમાજના અનેક સ્તરે ચાલતાં શોષણની સામે એમનો ઉગ્ર વિરોધ હતો. અને એ શોષણની પ્રક્રિયાઓ અને શોષણને પોષતી વ્યવસ્થાઓને ખતમ કરવી અને એના બદલે નવી માનવતાભરી વ્યવસ્થાઓ અસ્તિત્વમાં લાવવાની એમની મહત્વકાંક્ષા હતી. અને એ માટે એમનું સાધન કહો કે શસ્ત્ર, જે કહો તે રંગભૂમિ હતી. એટલે કે બોઆલ રંગકર્મી પણ હતા અને આંદોલનકારી કર્મશીલ પણ. તેઓ નાટક દ્વારા શોષણનો વિરોધ કરીને પ્રેક્ષકને ઉશ્કેરવાનું કામ નહોતા કરતાં, પરંતુ સમાજની નવરચના માટે મથામણ કરતાં હતાં

બોઆલે વિકસાવેલી રંગભૂમિને એમણે નામ આપ્યું ‘શોષિતોની રંગભૂમિ’[Theatre of the Oppressed]. આ પ્રકારની રંગભૂમિ પાછળનો એમનો હેતુ લગભગ પાઉલો ફ્રેરેની ‘શોષિતોની કેળવણી’[Pedagogy of the Oppressed] જેવો જ હતો. બંનેના શોષણ, શોષિત સમુદાયો અને સમાજ નવરચના વિશેનાં ખ્યાલો લગભગ સરખાં હતાં. અલબત્ત, બંને એકબીજાને રૂબરૂ તો 1996માં જ મળી શક્યા હતા; પરંતુ બંને વચ્ચે બે મહત્વની બાબતો સમાન હતી. બંને લેટિન અમેરિકાના બ્રાઝિલના વતની હતા અને ગઇ સદીના સાતમાં દાયકા દરમિયાન લેટિન અમેરિકામાં મુક્તિ માટેનો જે જુવાળ આવ્યો અને શોષિત સમુદાયોનાં જનઆંદોલનોએ જે ઉથલપાથલો મચાવી એ આંદોલનોમાં એ બંને સામેલ હતા. શક્ય છે કે, તેમના સમાજના આ વાતાવરણે એ બંને ચિંતકો, કર્મશીલોને ‘શોષણ મુક્તિ’ માટેની એકસમાન સમજ સુધી પહોંચાડ્યા હોય.

બોઆલના આંદોલનકારી વ્યક્તિત્વ અને રંગકર્મને કારણે જ 1971માં બ્રાઝિલના મિલિટરી શાસને એમને દેશનિકાલ કર્યાં. ત્યાર પછી લગભગ પંદરેક વર્ષ સુધી તેઓ આર્જેન્ટિના, યૂરોપમાં ઘૂમતાં રહ્યા અને પેરિસને પોતાનું બીજું ઘર બનાવ્યું. 1992 માં બોઆલે બ્રાઝિલનાં રિયો ડી જાનેરોની સ્થાનિક ચૂંટણીમાં ઝંપલાવ્યુ અને એ જીત્યા પણ ખરા. આ ઉપરાંત તેઓ દુનિયાભરમાં ‘શોષિતોની રંગભૂમિ’ માટેની શિબિરો કરતા રહ્યાં અને 1993 થી એમણે ‘શોષિતોની રંગભૂમિ’ના આંતરરાષ્ટ્રીય મહોત્સવો દર વર્ષે નિયમિતપણે આયોજીત કરતા રહ્યા. નવસમાજરચના માટેની આ મથામણોએ જ ઑગસ્ટો બોઆલને ગયા વર્ષે ‘શાંતિ’ માટેના ‘નોબેલ પુરસ્કાર’ માટેના દાવેદરોમાં સામેલ કરાવ્યા હતા.

બોઆલે પ્રેક્ષકોને રંગભૂમિમાં નટની સાથે એકાકાર કરી દેતાં જે ચાર નાટ્યસ્વરૂપો આપ્યાં છે એમાં ‘મંચન’[FORUM] થિયેટનો મુખ્ય હેતુ છે સમસ્યા વિશે ખુલ્લી ચર્ચા કરવાનો. ‘કલ્પન’[Image] થિયેટરો હેતુ છે, સમાજના શોષિત સમુદાયોની સમસ્યાઓ કે સમાજ વિશેના ખ્યાલોને અને કલ્પનાઓને તેમના જ દ્વારા સમાજ સામે રજૂ કરવાનો. ‘વિધાયક’[Legislative] રંગભૂમિનો મુખ્ય ઉદેશ છે સત્તાધારી માળખાં અને સરકાર સુધી દેશ-પ્રદેશનાં કાયદા અને નિતીઓ વિશે સામાન્ય જરતતાના વિચારો અને અભિપ્રાયો પહોંચાડીને તે પ્રમાણે કાયદા કે નીતિઓ ઘડવાનું કે બદલાવાનું દબાણ ઊભું કરવું અથવા તો કહો

કે એ માટે જરૂરી લોકપેરવી કરવી. ચોથું સ્વરૂપ છે -‘અદૃષ્ય’[Unseen] થિયેટર. જેનો મુખ્ય હેતુ છે, કોઇપણ સમસ્યા કે મુદ્દા કે વર્તણૂંક વિશેના લોકોનાં વિચારો, મૂલ્યો અને પારસ્પરિક વર્તણૂંકને સમાજમાં પ્રસ્થાપિત કરવી.

આ ચારેય સ્વરૂપોના મૂળભૂત હેતું જોતાં બે વાત સ્પષ્ટ થાય છે. બોઆલ છેવાડાના માણસને (શોષિત સમુદાયોને) સમાજના કેન્દ્રમાં લાવવા ઇચ્છે છે અને તે ચર્ચાઓ દ્વારા સમાજની શોષણયુક્ત વ્યવસ્થાઓને બદલીને સમતા, સ્વતંત્રાતા અને બંધુતામૂલક વ્યવસ્થાઓને અસ્તિત્વમાં લાવવા માંગે છે. અને તેઓ સ્પષ્ટપણે માને છે કે, એ યુગકાર્ય શોષિતો જ કરી શકે, શોષકો નહી. રાજનૈતિક વ્યવસ્થાની દૃષ્ટિએ જોઇએ તો એમનાં આ ખ્યાલો સાર્થક પ્રજાતંત્રા માટેનાં છે, જીવંત પ્રજાતંત્રા માટેનાં છે. જીવંત એ અર્થમાં કે એ નિયમો કે કાયદામાં બદ્ધ થઇને વર્તવાને બદલે લોકોની જરૂરત પ્રમાણે પોતાની નિતીઓ અને કાર્યેમાં પરિવર્તન લાવતું રહે. અને સાર્થક એ અર્થમાં કે એ કોઇપણ ખ્યાલ અથવા વિચાર વિશે સમાજમાં સતત ચર્ચાઓ કરીને વધુમાં વધુ લોકો માટે હિતકારી બને તેવાં નિર્ણયો લે અને કોઇપણ પ્રકારના ખ્યાલો કે વિચારોને સમાજમાં મુક્તપણે ચર્ચવાનું વાતાવરણ પેદા કરે.

‘શોષિતોની રંગભૂમિ’ ના આ સર્જક હવે આપણી વચ્ચે નથી, પરંતુ ‘માનવીની પહેલી ભાષા’ તરીકે અસ્તિત્વમાં આવેલી ‘રંગભૂમિ’ને ‘શોષિતોની સાર્થક ભાષા’ બનાવવાની એમણે કરેલી શરૂઆત અને ‘શોષણ મુક્તિ’ ના આંદોલનોને નાટક દ્વારા દિશા અને ગતિ આપવાના એમના નવતર પ્રયોગો આપણી પાસે છે જ. જો આપણે રંગકર્મી અને પ્રેક્ષક તરીકે સાથે મળીને ‘શોષિતોની રંગભૂમિ’ને વિકસાવીશું તો જરૂરથી જીવન અને સમાજને વધુ બહેતર અથવા તો કહો કે જીવવયોગ્ય અને વધુ મુક્ત બનાવી શકીશું. આ પડકારો ઑગસ્ટો બોઆલ આપણા ભરોસે મૂક્યાં છે

શોષણની વ્યવસ્થાઓને ખતમ કરવા અને માનવ સમાજને સાચા અર્થમાં માનવીય બનાવવા રંગભૂમિની મશાલ સાથે સમગ્ર જીવન વીતાવનાર અને જીવનભર શોષિતોની વચ્ચે ઊભા રહહ એમને સમાજના કેન્દ્રમાં લાવવાની મથામણ કરનાર ઑગસ્ટો બોઆલને સલામ! સલામ સાથી, ક્રાંતિકારી સલામ!